ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૨૬-૦૨-૨૦૨૬**

- ભાજપની ડબલ એન્જિન સરકારની એસ.સી., એસ.ટી., ઓ.બી.સી., માઈનોરિટી, સફાઈ કામદાર, પશુપાલક, ગોપાલક વિરોધી માનસિકતા ફરી એકવાર ખુલ્લી પડી ગઈ? : શ્રી અમિત ચાવડા
- ભાજપના ધારાસભ્યો વિધાનસભામાં પોતાના સમાજના હક અધિકાર માટે એક શબ્દ બોલવા તૈયાર નથી : શ્રી અમિત ચાવડા
- ગુજરાતમાં બહુમતી વસ્તી ધરાવતા સમાજો માટેના બોર્ડ નિગમને ભાજપ સરકાર ખૂબ ઓછું બજેટ ફાળવી સતત અન્યાય કરી રહી છે.: શ્રી અમિત ચાવડા
- વિવિધ બોર્ડ નિગમમાં બજેટ ફાળવાય છે પણ ૫૦% રકમ વપરાતી નથી, તેનો જવાબ ભાજપ સરકાર આપતી નથી : શ્રી અમિત ચાવડા
- ભાજપ સરકાર એસ.સી., ઓ.બી.સી., લઘુમતી, દિવ્યાંગ, સફાઈ કામદારો, પશુપાલકો, માટેના બોર્ડ-નિગમોને બજેટ ઓછું ફાળવે છે અને તેમાંથી પણ ૩૫-૬૦% રકમ વાપરતી નથી. : શ્રી અમિત ચાવડા

વિધાનસભા ગૃહમાં કોંગ્રેસના ધારાસભ્યોએ જ્યારે સરકાર દ્વારા બજેટ ફાળવણીમાં SC,ST,OBC ,Minority, સફાઈ કામદારો, દિવ્યાંગો માટે ના બોર્ડ નિગમોને ઓછી ફાળવણી કરવામાં આવે છે તેનો વિરોધ કરી વોક આઉટ કરવામાં આવ્યો ત્યારે શ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે,ગુજરાત વિધાનસભાની પ્રશ્નોત્તરી દરમિયાન ફરી એકવાર ભારતીય જનતા પાર્ટીની ડબલ એન્જિન સરકાર એસસી, એસટી, ઓબીસી, માઈનોરિટી સમાજ,સફાઈ કામદાર,દિવ્યાંગ, પશુપાલક ગોપાલક,પછાત વર્ગના વિચરતી વિમુખ જાતિ સાથે ભેદભાવ કરી રહી છે. આ સમાજનું શોષણ થઈ રહ્યું છે, તેમ છતાં સરકાર કોઈપણ જાતની મદદ કરતી નથી. આ વિવિધ સમાજ વિરોધી ભારતીય જનતા પાર્ટીનો ચહેરો ખુલ્લો પડી ગયો છે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ એસસી, એસટી, ઓબીસી અને માઈનોરિટી સમાજ માટે કાર્યરત વિવિધ બોર્ડ નિગમોને છેલ્લા બે વર્ષમાં વસ્તીના પ્રમાણમાં ખૂબ ઓછું બજેટ ફાળવવામાં આવ્યું છે અને તેમાં પણ મોટી રકમ વપરાયા વગર જ રહી ગઈ.વિધાનસભામાં સરકાર આપેલા જવાબ મુજબ ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ માટે વર્ષ 2024 માં રૂ. 26.60 કરોડ ફાળવાયા જેમાં રૂ. 25.70 કરોડ ખર્ચ થયા અને રૂ. 0.89 કરોડ બિનવપરાયેલ રહ્યા, જ્યારે 2025 માં રૂ. 28.78 કરોડ ફાળવાયા જેમાં રૂ. 23.30 કરોડ ખર્ચ અને રૂ. 5.48 કરોડ બિનવપરાયેલ રહ્યા. ડો. આંબેડકર અનુસૂચિત જાતિ વિકાસ નિગમ (અ.જા.) માટે 2024 માં રૂ. 11.40 કરોડ ફાળવણીમાંથી રૂ. 5.18 કરોડ ખર્ચ અને રૂ. 6.31 કરોડ બિનવપરાયેલ રહ્યા. જ્યારે 2025માં રૂ. 11.86 કરોડ ફાળવણીમાંથી રૂ. 17.02 કરોડ ખર્ચ અને રૂ.0.68 કરોડ બિનવપરાયેલ રહ્યા. ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમને 2024 માં રૂ. 76.50 કરોડ ફાળવાયા જેમાં રૂ. 55.07 કરોડ ખર્ચ અને રૂ.21.43 કરોડ બિનવપરાયેલ રહ્યા, જ્યારે 2025માં રૂ. 46.30 કરોડ ફાળવાયા જેમાં રૂ.41.35 કરોડ ખર્ચ અને રૂ.4.94 કરોડ ટકાવારી પ્રમાણે 28% બિનવપરાયેલ રહ્યા.ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ માટે 2024માં રૂ. 576.83 કરોડ ફાળવાયા જેમાં રૂ. 657.11 કરોડ ખર્ચ અને રૂ. 0.00 કરોડ બિનવપરાયેલ રહ્યા, જ્યારે 2025માં રૂ. 442.16 કરોડ ફાળવાયા જેમાં રૂ. 396.04 કરોડ ખર્ચ અને રૂ. 46.12 કરોડ બિનવપરાયેલ રહ્યા.ગુજરાત

અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમને 2024માં રૂ. 22.80 કરોડ ફાળવાયા જેમાં રૂ. 13.67 કરોડ ખર્ચ અને રૂ. 9.13 કરોડ બિનવપરાયેલ રહ્યા, જ્યારે 2025માં રૂ. 18.26 કરોડ ફાળવાયા જેમાં રૂ. 10.09 કરોડ ખર્ચ અને રૂ. 8.17 કરોડ, ટકાવારી પ્રમાણે 40% બિનવપરાયેલ રહ્યું.ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ માટે 2024માં રૂ. 41.00 કરોડ ફાળવાયા જેમાં રૂ. 26.50 કરોડ ખર્ચ અને રૂ. 14.50 કરોડ બિનવપરાયેલ રહ્યા, જ્યારે 2025માં રૂ. 48.19 કરોડ ફાળવાયા જેમાં રૂ. 52.11 કરોડ ખર્ચ અને રૂ. 0.00 કરોડ, 35% બિનવપરાયેલ રહ્યા.

ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને 2024માં રૂ. 88.13 કરોડ ફાળવાયા જેમાં રૂ. 39.40 કરોડ ખર્ચ અને રૂ. 51.73 કરોડ બિનવપરાયેલ રહ્યા, જ્યારે 2025માં રૂ. 101.79 કરોડ ફાળવાયા જેમાં રૂ. 79.47 કરોડ ખર્ચ અને રૂ. 22.32 કરોડ, ટકાવારી પ્રમાણે 58% બિનવપરાયેલ રહ્યા.ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ માટે 2023માં રૂ. 12.98 કરોડ ફાળવાયા જેમાં રૂ. 21.15 કરોડ ખર્ચ અને રૂ. 0.65 કરોડ બિનવપરાયેલ રહ્યા, જ્યારે 2025માં રૂ. 13.18 કરોડ ફાળવાયા જેમાં રૂ. 12.53 કરોડ ખર્ચ અને રૂ. 0.65 કરોડ બિનવપરાયેલ રહ્યા. ગુજરાત ગોપાલક વિકાસ નિગમને 2024માં રૂ. 23.44 કરોડ ફાળવાયા જેમાં રૂ. 11.54 કરોડ ખર્ચ અને રૂ. 11.90 કરોડ બિનવપરાયેલ રહ્યા, જ્યારે 2025માં રૂ. 27.25 કરોડ ફાળવાયા જેમાં રૂ. 29.88 કરોડ ખર્ચ અને રૂ. 0.00 કરોડ, ટકાવારી પ્રમાણે 50% બિનવપરાયેલ રહ્યા.ગુજરાત રાજ્ય દિવ્યાંગ નાણાં અને વિકાસ નિગમ માટે 2024માં રૂ. 6.84 કરોડ ફાળવાયા જેમાં રૂ. 3.74 કરોડ ખર્ચ અને રૂ. 3.10 કરોડ બિનવપરાયેલ રહ્યા, જ્યારે 2025માં રૂ. 3.85 કરોડ ફાળવાયા જેમાં રૂ. 0.50 કરોડ ખર્ચ અને રૂ. 3.34 કરોડ બિનવપરાયેલ રહ્યા.વિધાનસભામાં પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો કે બજેટ ફાળવવાના ધોરણો શું છે? શું આર્થિક, સામાજિક કે શૈક્ષણિક પરિસ્થિતિના આધારે ફાળવણી થાય છે? ઓછી ફાળવણી અને વણવપરાશ પાછળના કારણો શું છે? બજેટમાં ફાળવાય છે પણ 50% રકમ વપરાતી નથી તો એના કારણો શું છે? ભાજપ સરકાર તરફથી વિધાનસભામાં સ્પષ્ટ જવાબ આપવામાં આવતો નથી.ફરી માંગ કરવામાં આવી છે કે ભેદભાવ અને અન્યાય બંધ કરી પારદર્શક રીતે બજેટ ફાળવણી અને ખર્ચ અંગે જવાબ આપો.

ભાજપના નેતાઓ બહુમતી વસ્તી એસસી, એસટી, ઓબીસી, માઈનોરિટી સમાજના છે.પરંતુ સમાજના હક અધિકાર રાખવામા માટે વિધાનસભામાં બોલવા પણ ઉભા થતા નથી. ભાજપના ધારાસભ્યોની એવી તો કેવી મજબૂરી છે કે, જવાબ પણ નહીં આપતા અને પોતાના વિસ્તારના લોકો અને સમાજ માટે એક શબ્દ પણ બોલવા તૈયાર નથી.

હેમાંગ મહીપતરામ રાવલ
મીડિયા કોર્ડિનેટર અને પ્રવક્તા
9898233038